# ગુજરાતી ભાષાની પ્રથમ ઓનલાઇન ડિક્શનરી

**ભાસ્કર ન્યૂઝ**

**મુંબઈ:** ગુજરાતી ભાષાની સૌપ્રથમ ઓનલાઇન ડિજિટલ ડિક્શનરીનું ઉદ્દ્ઘાટન આગામી ૧૩ જાન્યુઆરી, શુક્રવારે ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અને સુપ્રતિષ્ઠ સાહિત્યકાર ધીરુબહેન પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે એચ.ડી.એફ.સી. (હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન)ના અધ્યક્ષ દીપક પારેખ તેમ જ બ્રિટનથી પ્રકાશિત થતા ગુજરાતી સામયિક 'ઓપિનિયન'ના તંત્રી વિપુલ કલ્યાણી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

આફ્રિકા અને યુરોપના સુવિખ્યાત ઉદ્યોગપતિ પરિવાર-ચંદરીયા પરિવારના મોભી એવા ૮૪ વર્ષીય રતિલાલ ચંદરીયાના બાર વર્ષના પરિશ્રમ બાદ www.gujarati lexicon.com અસ્તિત્વમાં આવ્યું છે. સતત પુસ્તકો-શબ્દકોશો, સાહિત્યકારો, ભાષાશાસ્ત્રના નિષ્ણાતો, પત્રકારો તેમ જ કોમ્પ્યુટર નિષ્ણાતો સાથે વિચારવિમર્શ અને ચર્ચા કરીને તૈયાર કરેલી આ ડિક્શનરીમાં ગુજરાતી-અંગ્રેજી, અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-ગુજરાતી શબ્દકોશો ઉપરાંત ગુજરાતી થિસોરસ, ગુજરાતી વિરુદ્ધાર્થ શબ્દકોશ તેમ જ ગુજરાતી સ્પેલચેકર એટલે કે ખરી જોડણી ચકાસવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. સંસ્થાકીય ધોરણે ઔપચારિક પદવીલક્ષી અભ્યાસને બદલે વ્યાપારમાં વધુ ગળાડૂબ રહેલા રતિકાકાએ ૧૯૪૦થી '૪૬ દરમિયાન ભારતમાં ગુજરાતી ટાઇપિંગ પર હથોટી જમાવી હતી અને એ વખતથી ટાઇપિંગ અને ભાષા પ્રત્યે વિશેષ રુચિ જન્મી હતી. ત્યાર પછી ટેક્નોલોજીના વિકાસ સાથે ઇલેક્ટ્રોનિક ટાઇપરાઇટર્સ અને કોમ્પ્યુટર આવ્યા પછી ગુજરાતી ફોન્ટસમાં તેમની રુચિ જળવાઈ રહી હતી. ગુજરાતી ફોન્ટ્સ માટે તેમણે એપલ, મેકિન્તોસ, આઇ.બી.એમ.ના પ્રયાસો ચાલુ રાખ્યા હતા. આ અવિરત પ્રયાસમાં ફોન્ટ્સ અને સ્પેલ ચેકરની પણ નજીક પહોંચ્યા અને બાર વર્ષ પૂર્વે આ ડિકશનરીની યાત્રાનો આરંભ થયો હતો, એમ રતિલાલ ચંદરીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'આ યાત્રામાં ઉત્તમ ગજ્જર (સુરત), વિપુલ કલ્યાણી (લંડન), બળવંત પટેલ (ગાંધીનગર), ડો. નિશિથ ધ્રુવ (રાયગઢ-મહારાષ્ટ્ર), ધર્મેશ ભટ્ટ (મુંબઇ), કુમારી માલદે (કેનેડા), પ્રા. બાબુ સુથાર (અમેરિકા), કિશોર રાવત (અમેરિકા), દયાશંકર જોશી (લંડન), સ્વામી અસંગ (પુના), ઇશ્વર વસા (લંડન), ડો. કુમારપાળ દેસાઇ (અમદાવાદ), કુ. મહેરુ સિધવા (લંડન), ભાવના-માધવી-અંજલિ (મુંબઇ), હિમાંશુ મિસ્ત્રી (સુરત), રેવતી શ્રીધરન (ત્રિવેન્દ્રમ), રોહિત (મેંગલોર) વગેરેએ સતત સંપર્ક તથા વિચારવિમર્શ દ્વારા સહયોગ આપ્યો છે.

## વીસલાખ થી વધુ સંજ્ઞાઓ અને શબ્દો

અંદાજે વીસ લાખથી વધુ સંજ્ઞાઓ અને શબ્દો આ ડિજિટલ ડિકશનરીમાં ગોઠવાયા છે. તેમાં અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ૩૨,૦૩૪, ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ૪૭,૯૩૬, ગુજરાતીમાંથી ગુજરાતીના ૧,૪૯,૭૦૯, વિરુદ્ધાર્થી શબ્દો ૫,૧૪૪ અને રૂઢિપ્રયોગોની સંખ્યા ૧૫,૬૯૪ જેટલી છે.